ઝડપથી

ક્રમાંક: જી-૧/સુરક્ષા/ટે. ૨/ ૧૭૨૮ /૦૯
**પોલીસ મહાનિદેશક અને**
**મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુજરાત રાજ્ય,**
**પોલીસ ભવન, સેક્ટર-૧૮, ગાંધીનગર-૩૮૨ ૦૧૮**
તા. ૯/૭/૨૦૦૯

**વિષયઃ** ઔધોગિક એકમ/કારીગર/હોટલ/ઘરનોકરી અને અન્ય યુનિટમાં કામ કરતા કર્મચારીઓની વિગત તૈયાર કરવા બાબત.

**વંચાણે લીધાઃ** બોમ્બે પોલીસ એક્ટ ૧૯૫૧ ની કલમ- ૨૩ (જી)

**<u>સ્થાયી હુકમ નં. ૩/૦૯</u>**

ગુજરાત રાજ્ય પ્રગતિશીલ રાજ્ય છે અને આ રાજયમાં ઝડપી ગતિથી ઔધોગિક વિકાસ થઇ રહેલ છે જેના લીધે રાજયમાં ૫૦ લાખ જેટલા મજૂરો અને નાગરિકો બીજા રાજયોમાંથી સ્થળાંતર કરીને અહીં મજૂરી, સ્વરોજગાર અને અન્ય ધંધાઓ કરવા માટે આવેલા છે. આવી વ્યકિતઓની મોટી સંખ્યા સુરત શહેર, ભરૂચ, વડોદરા, અમદાવાદ, જામનગર અને કચ્છ જેવા જીલ્લાઓમાં છે. આવી મોટી સંખ્યાના લોકોમાં કેટલાક લોકો ગુનાહિત પ્રવૃત્તિ અને ગુનાહિત રેકર્ડ વાળા પણ અત્રે આવેલા છે. આવી વ્યકિતઓ ગુનાહિત પ્રવૃત્તિ છોડી શકતા નથી અને ગુનાઓ કર્યા પછી રાજયમાંથી નાસી જતા હોય, જેથી કેસ ડીટેકટ કરવા કે તેમને પકડી પાડવાનું અઘરૂં બને છે. આથી કાયદો અને વ્યવસ્થા માટે ખોટી છાપ ઉભી થાય છે અને પોલીસ ખાતું બિન અસરકારક પૂરવાર થાય છે.

૨. ઘણાખરા ગુનેગારો પોતાના રાજયની પોલીસની બીકના લીધે ભાગીને આશરો લેવા કે સંતાઇને રહેવા માટે ગુજરાતમાં આવતા હોય છે. આવી ગુનેગાર વ્યકિતઓના પરિવાર અહીં હોતા નથી કે જમીન મિલ્કત કે કાયમી નોકરી હોતી નથી. ગુનો કર્યા પછી રાજયમાંથી ભાગી જવામાં એમને વધારે સમય લાગતો નથી. જેથી તેમને પકડી પાડવાનું ઘણું મુશ્કેલ બને છે. આવી ગુનાહિત પ્રવૃત્તિની વ્યકિતઓ આતંકવાદીઓને આશરો આપવામાં તેમને સંતાડી રાખવામાં કે તેમને અન્ય મદદ પૂરી પાડવામાં પણ સંડોવાય તેવી શકયતા છે.

૩. ઉપરોકત કારણોસર આ જરૂરી બનેલ છે કે આવી વ્યકિતઓ માટે તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારમાં પોલીસ સ્ટેશન ખાતે રેકર્ડ ઉભો કરવામાં આવે. હાલના અગત્યના સંજોગો જોતાં સી.આર.પી.સી. ની કલમ-૧૪૪ હેઠળ પોલીસ કમિશનરશ્રી/જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી જાહેરનામું બહાર પાડીને કાયદાકીય રીતે તમામ ઔધોગિક એકમો, હોટલ, લોજ, ગેસ્ટ હાઉસ, અન્ય તમામ યુનિટ, ઘરમાલિકને ફરજ પાડવામાં આવે કે આ સામેલ પ્રફોર્મા મુજબની વિગતો તેઓ જે તે પોલીસ સ્ટેશનને પૂરી પાડશે. ઘર માલિક અને અન્ય વ્યકિત (ઇન્ડીવીડયુલ) પાસેથી આવી માહિતી ભેગી કરવાની ફરજ પોલીસ ખાતાની રહેશે પણ ઘરમાલિકની ફરજ રહેશે કે પોલીસ અમલદારને સહકાર આપે અને માહિતી ભેગી કરવામાં મદદ કરે.

વ્યક્તિ સિવાયના એકમોએ જાતે આ રેકર્ડ સીડીના રૂપમાં તૈયાર કરીને જે તે પોલીસ સ્ટેશનને સુપ્રત કરવાનું રહેશે.

૪. જે તે પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધીક્ષકશ્રીને જરૂર જણાય તો સામેલ પ્રફોર્મામાં વધારાના કોલમો ઉમેરીને માહિતી મેળવી કોમ્પ્યુટરાઇઝડ રેકર્ડ તૈયાર કરાવશે.

૫. જે તે પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધીક્ષકશ્રી આ માહિતીના આધારે કારીગર/મજૂર/કર્મચારીના પૂર્વ ઇતિહાસ અંગે અગાઉ જે જગ્યાએ કામ કરતા હતા ત્યાંના માલિક/સ્ટાફ પાસેથી ચકાસણી કરાવશે તેમજ તેમના વતનના જીલ્લાના પોલીસ અધીક્ષકશ્રીને માહિતી મોકલી તેમની પાસેથી પણ ચકાસણી અહેવાલ મંગાવશે, તેમજ તેમના વતનના ટેલીફોન નંબરોના આધારે પણ વેરીફીકેશન કરાવશે.

૬. આ સ્થાયી હુકમની નકલ દરેક પોલીસ સ્ટેશન, શાખા કક્ષા સુધી સરક્યુલેટ કરીને તેની નકલ પહોંચની અવેજમાં આ કચેરીને પાઠવવા સૂચના છે.

**બિડાણ:** ઉપર મુજબ

**(એસ. એસ. ખંડવાવાલા)**
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારી, ગુ. રા., ગાંધીનગર

પ્રતિ

- તમામ પોલીસ કમિશનરશ્રીઓ
- તમામ પોલીસ અધીક્ષકશ્રીઓ (વે. રેલવે, વડોદરા સહિત)

**નકલ રવાના (જાણ સારૂ):**
- તમામ અધિક પોલીસ મહાનિદેશકશ્રીઓ
- તમામ રેન્જ વડાશ્રીઓ.
- તમામ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ.
- રેકર્ડ શાખા, અત્રેની કચેરી

**નકલ સવિનય રવાના:**
-અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
 ર/- જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓને જરૂરી સૂચના આપવા સારૂ.

**(સુધીર સિન્હા)**
અધિક પોલીસ મહાનિદેશક
(કાયદો અને વ્યવસ્થા), ગુ. રા., ગાંધીનગર

## ઔદ્યોગિક એકમ/કારીગર/હોટલ/એકમ/યુનિટ/ઘરનોકરીમાં કામ કરતા કર્મચારીની વિગત.

પોલીસ સ્ટેશન..............  જિલ્લો/શહેર...........

માલિકનો ફોટો  કર્મચારીનો ફોટો

| | |
|---|---|
| માલિકનું નામ, સરનામું તથા ધંધાની વિગત તથા ટે. નં./મો.નં. | |
| કર્મચારી, કારીગર, મજૂરનું નામ, હાલનું સરનામું તથા ઓળખ ચિન્હો | |
| કર્મચારી, કારીગર, મજૂરનું નામ, જાતી, વતનનું સરનામું તથા ટે. નં./મો.નં., જીલ્લો, ગામ, પો.સ્ટેશન. | |
| કર્મચારી, કારીગર, મજૂરને નોકરીએ રાખ્યાની તારીખ. | |
| કર્મચારી, કારીગર, મજૂર અગાઉ જે જગ્યાએ કામ કરતા હોય તે માલિકનું પુરૂં નામ, સરનામું તથા ટે.નં./મો.નં. | |
| કર્મચારી, કારીગર, મજૂર કોના રેફરન્સ/પરિચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂં નામ, સરનામું તથા ટે. નં. | |
| કર્મચારી, કારીગર, મજૂરના બે ત્રણ સગા-સબંધીઓના પૂરા નામ, સરનામું, વતન સહિતના તથા ટે. નં./મો.નં. | |

ઓફીસર ઇન્ચાર્જ

તારીખ